# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

જલસેવા ભવન, સેકટર- ૧૦- એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦
પીએબીએક્સ- ૯૯૭૮૪૪૧૧૦૧ થી ૦૫, ફેક્ષઃ- ૨૩૨૨૫૯૭૨- ૭૯
વેબ સાઈટ:- www.gwssb.org.
ઈ-મેઈલ:- setechcell@gmail.com,

એન.પી.સોલંકી
અધિક્ષક ઈજનેર
(ટેકનીકલ)


જા.નં./ટેકસેલ/ જનરલ/ ટેપીંગ/ ૬૬૭ તા.૧૩/૪/૨૦૧૬

પ્રતિ,
મુખ્ય ઈજનેરશ્રી,
ઝોન- ૧,૨,૩,૪ અને ૫,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
વડોદરા, અમદાવાદ, રાજકોટ, કચ્છ–ભુજ અને જુનાગઢ.

વિષય:- <u>પાણીના જોડાણ માટેની અરજીનો નિયત સમયમાં જવાબ કરવા બાબત.</u>

સંદ્દભ:- વિભાગના પત્ર ક્રમાંક નં. ઈડીબી/ ૧૦૨૦૧૬/ ૭૮૧/ ખ.૩ તા. ૨૯/૦૩/૨૦૧૬.

ઉપરોક્ત વિષયે સંદર્ભ હેઠળના અન્વયે સવિનય જણાવવાનું કે, ગુજરાત રાજયમાં વિવિધ ઉદ્યોગ તથા રોકાણકારો દ્વારા તેમના વ્યવસાયિક એકમના વિકાસ માટે પાણીનું જોડાણ મેળવવા અરજી કરવામાં આવે છે. રાજયમાં કરવામાં આવતા રોકાણો અન્વયે જે તે ઔદ્યોગિક/ વ્યવસાયિક એકમને ઝડપથી પાણી મળી રહે તે માટે પાણીના જોડાણ માટે અરજીની જરૂરી ચકાસણીની કામગીરી પુર્ણ કરી ૬૦ દિવસની સમયમર્યાદામાં તે અરજી બાબતનો જવાબ જે તે અરજી કરતાશ્રીને આપવા બાબતે વિભાગના સંદર્ભ હેઠળના પત્રથી જાણ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જે ધ્યાને લઈ આપશ્રીના તાબા હેઠળની જુથ યોજનામાંથી પાણીના જોડાણ માટેની અરજીનો નિયત સમય મર્યાદામાં જવાબ થઈ જવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(નિરવ પી. સોલંકી)
અધિક્ષક ઈજનેર, (ટેકનીકલ)

બિડાણ- સંદર્ભ પત્રની નકલ

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- તાંત્રિક સલાહકારશ્રી, માન. અધ્યક્ષશ્રી પાણી પુરવઠા, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં
- માસ્ટર ફાઈલ

૬૩

પાણીના જોડાણ માટેની અરજીનો
નિયત સમયમાં જવાબ કરવા બાબત.

નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઇડીબી/૧૦૨૦૧૬/૭૮૧/ખ૩
સચિવાલય,ગાંધીનગર.
તારીખ ૨૯/૩/૨૦૧૬

આમુખઃ-

ગુજરાત રાજયમાં વિવિધ ઉધોગ તથા રોકાણકારો ધ્વારા તેમના વ્યવસાયિક એકમના વિકાસ માટે પાણીનું જોડાણ મેળવવા અરજી કરવામાં આવતી હોય છે. આ પ્રકારની અરજીઓ જળ સંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિ., ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને કરવામાં આવતી હોય છે. રાજયમાં કરવામાં આવતા રોકાણો અન્વયે જે તે ઓધોગિક / વ્યવસાયિક એકમને ઝડપથી પાણીનું જોડાણ મળી રહે તે માટે પાણીના જોડાણ માટે અરજીનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. સરકાર ધ્વારા ઉકત સંસ્થાઓને પાણીના જોડાણની અરજી મળેથી નિયત સમયમાં જવાબ કરવા અંગે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવઃ-

ગુજરાત રાજયમાં પાણીના જોડાણ માટેની અરજી જળસંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિ., ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ જેવી સંસ્થાઓને કરવામાં આવે ત્યારે જે તે સંસ્થાઓએ તે અરજી અંગે જરૂરી ચકાસણીની કામગીરી પૂર્ણ કરી ૬૦ દિવસની સમય મર્યાદામાં તે અરજી બાબતનો જવાબ જે તે અરજીકર્તાને આપવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(નર્મદા) અને સચિવશ્રી(જસં)ની તા.૨૩/૩/૨૦૧૬ અને તા.૨૨/૩/૨૦૧૬ની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

(કુસુમ સંભવાણી)
ખાસ ફરજ પરના અધિકારી,
ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ.

Office of C.A.O.
G.W.S.S.B.
Inw. No. 194
Date 5/4/16

Office of M.S.
In. No. 1199

Technical Cell
In. No. 397

(પાછળ)

પ્રતિ,

૧) અગ્ર સચિવશ્રી,
માનનીય મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય,
ગાંધીનગર.

૨) મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,
સચિવાલય,ગાંધીનગર.

૩) અધિક મુખ્ય સચિવશ્રી,
ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

૪) અધિક મુખ્ય સચિવશ્રી,(નર્મદા)
નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

૫) અગ્ર સચિવશ્રી,(પા.પુ.)
નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

૬) સચિવશ્રી,(જ.સં.)
નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

૭) મુખ્ય વહીવટી સચાલકશ્રી,
સરદાર સરોવર નર્મદા નિગમ લિ., સચિવાલય, ગાંધીનગર.

૮) અધ્યક્ષશ્રી,
ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિ.,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૯) અધ્યક્ષશ્રી,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલ સેવા ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર.

૧૦) સભ્ય સચિવશ્રી,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલ સેવા ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર.

૧૧) મુખ્ય વહીવટી અધિકારીશ્રી,
ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટકચર લિ.,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૨) મુખ્ય વહીવટી અધિકારીશ્રી,
વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન,
ગાંધીનગર.